પેટ્રોલ, ડીઝલ અને એલપીજીની કિંમતમાં વધારાની શક્યતા

નવી દિલ્હી,તા.૨૦

પેટ્રોલ અને ડીઝલની કિંમતમાં વધારો કરવાનો તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. મળેલી માહિતી મુજબ આગામી મહિનામાં પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ત્રણનો અને ડીઝલની કિંમતમાં લીટર દીઠ રૂપિયા ૪-૫નો વધારો કરવા તૈયારી કરી લેવામાં આવી છે.

સંસદનું મોનસૂન સત્ર ૭મી સપ્ટેમ્બરના દિવસે પૂર્ણ થઈ રહ્યું છે. નામ જાહેર નહીં કરવાની શરતે એક અધિકારીએ કહ્યું છે કે પેટ્રોલ અને ડીઝલની કિંમતના ભાવવધારો હવે નિશ્ચિત બની ગયો છે. ભાવવધારો કેટલો કરાશે તે અંગે માનસૂન સત્ર બાદ રાજકીય રીતે નિર્ણય કરવામાં આવશે. પેટ્રોલિયમ મંત્રાલય અને ઓઈલ કંપનીઓ આગામી મહિનામાં ડીઝલ અને પેટ્રોલની કિંમતમાં વધારો કરવા કમર કસી ચૂકી છે. કારણ કે ક્રૂડ ઓઈલની કિંમત ગયા સપ્તાહમાં ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હતી. એક ભારતીય કંપનીને નુકસાનનો આંકડો રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. રિફાઈનરીઓને કુલ ત્રિમાસિક નુકસાન ૪૦ હજાર કરોડ સુધી પહોંચી ગયું છે. સરકાર કેરોસીનની કિંમતમાં વધારો કરશે નહીં પરંતુ રાંધણગેસની કિંમતમાં ૫૦-૧૦૦ વચ્ચેનો વધારો કરી શકે છે. સાથે સાથે ફ્યુઅલ પર મહેસૂલી નુકસાનને ઘટાડવાના હેતુસર એક

વર્ષમાં પ્રતિ આવાસ સિલેન્ડરોની સંખ્યાને પણ મર્યાદિત કરવામાં આવે તેવી શક્યતા છે. ફ્યુઅલ ઉપર મહેસૂલી નુકસાન વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૧૬૫૦૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. ડીઝલ, રાંધણગેસ અને કેરોસીનની કિંમતોમાં છેલ્લા ૧૪ મહિનાથી કોઈ વધારો કરાયો નથી. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિસદે પણ ભાવવધારો કરવાની વાત પહેલાંથી જ કરી છે. ઓઈલ મંત્રાલયના અધિકારીનું કહેવું છે કે ડીઝલના વધતાં વપરાશનો મામલો પણ ચિંતાજનક છે. મોનસૂને પણ નિરાશાજનક ભૂમિકા અદા કરી છે. કૃષિ સેક્ટર પર વરસાદની માઠી અસર થઈ છે જેથી વીજ કટોકટી પણ વધી ગઈ છે. જૂન ૨૦૧૨માં ડીઝલના વપરાશમાં ઉલ્લેખનીય વધારો થયો છે. પેટ્રોલ અને ડીઝલ તેમજ એલપીજીની કિંમતમાં વધારો કરવાની હાથ ધરવામાં આવેલી હિલચાલથી સામાન્ય વર્ગ અને મધ્યમ વર્ગમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પેટ્રોલની કિંમતને અંકુશ મુક્ત કરવામાં આવી ચૂકી છે પરંતુ ડીઝલની કિંમત અને એલપીજીની કિંમત સરકાર નક્કી કરે છે.

લોકો પર બોજ વધશે...

- ડીઝલની કિંમતમાં લીટર દીઠ ૪-૫નો વધારો થઈ શકે
- પેટ્રોલની કિંમતમાં લીટર દીઠ ૩ સુધીનો વધારો થઈ શકે
- સિલેન્ડરની કિંમતમાં ૫૦-૧૦૦ વચ્ચે વધારો થઈ શકે
- એક વર્ષમાં પ્રતિ પરિવાર સિલેન્ડરોની સંખ્યા મર્યાદિત થઈ શકે
- ફ્યુઅલ ઉપર મહેસૂલી નુકશાનનો અંદાજ ૧૬૫૦૦૦ કરોડ
- ૧૪ મહિનાથી ડીઝલ, ગેસ અને કેરોસીનની કિંમત વધારાઈ નથી
- ૭મી સપ્ટેમ્બર સંસદનું મોનસૂન સત્ર પૂર્ણ થયા બાદ વધારો થવાની સંભાવના

સમાચાર ઝલક

- વકીલોને મૃત્યુ સહાય બે લાખ ચૂકવવાના નિર્ણયને લીલી ઝંડી.
- ગુટખા પર પ્રતિબંધની જાહેરાત બાદ ગુટખાના બેફામ કાળાબજાર.
- એક જ દિવસમાં કોટડા સાંગાણી ગામે આહિર પરિવારના દેરાણી-જેઠના મોતથી પરિવાર હતપ્રભ.
- દેશમાં પાક ઉત્પાદનમાં ૨.૩ ટકાનો નોંધપાત્ર ઘટાડો રહેશે.
- પુરૂષોત્તમ માસની ફેલાયેલી અફવા એકમાત્ર ગપગોળો, ભાવિકો પૂજા-અર્ચના કરે.
- સૂર્યની ફરતે સપ્તરંગી વર્તુળ દેખાતા લોકોમાં આશ્ચર્ય, વરસાદ વડવાની શક્યતા.
- નોઇડાના ઉદ્યોગપતિઓ ગુજરાતમાં આવવા તૈયાર, મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સમક્ષ ઇચ્છા વ્યક્ત કરી.
- અફઘાનિસ્તાનમાં સૈનિકોની હત્યા બાદ રાષ્ટ્રીય સરકાર રચવાનો મુલ્લા ઉંમરની યુધ્ધની પહેલ.
- સીંગતેલમાં અવિરત તેજી.
- પુરૂષોત્તમ માસમાં નાથદ્વારામાં પૂ. મોરારીબાપુની રામકથા.
- તપ અનુમોદના મહોત્સવમાં રૂા. ૫૦ લાખની ભવ્ય આંગી રચાશે.
- તા.૧લી સપ્ટેમ્બરથી પૂનઃ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ.
- ટૂંક સમયમાં એ.ટી.એમ. પૈસા જમા કરાવવા સુવિધા આપશે : ચિદમ્બરમ્.
- દેશમાં ઉત્સાહપૂર્વક ઉજવાયેલ રમજાન ઇદ.
- સૂરતમાં ભાજપ મહિલા મોરચાના મંત્રીના પતિ બાંગ્લાદેશી ઘૂસણખોર નીકળ્યો.

શ્રીનગરમાં ઈદ તહેવારની ઉજવણી હિંસક બની ગઈ

શ્રીનગર,તા. ૨૦

જમ્મુ કાશ્મીરના શ્રીનગરમાં ઈદની ઉજવણીની આજે પ્રતિકુળ અસર થઈ હતી. આજે ખાસ નમાજ અદા કરવામાં આવ્યા બાદ હિંસક દેખાવો કરવામાં આવ્યા હતા. તોફાની ટોળાએ એક પોલીસ વાહનને આગ ચાંપી દેતા તંગદીલી ફેલાઈ ગઈ હતી. ઉપરાંત ઈદગા વિસ્તારમાં ત્રણ પોલીસ જવાનોને માર મારવાના બનાવ બન્યા હતા. જુના શહેરમાં ઉદગા ખાતે ઈદની નમાજ પુરી થયા બાદ તરત જ સેકડોં યુવાનોએ નાકાબંધી કરી હતી અને પોલીસ વાહનોને રોક્યા હતા. વાહનમાંથી કેટલાક પોલીસ જવાનોને ઉતારી દેવામાં આવ્યા બાદ તેમને માર મારવામાં આવ્યો હતો. જો કે આ પોલીસ જવાનો ટોળાથી બચવા ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. આ બનાવમાં આસીસ્ટન્ટ સબ ઈન્સેપ્ટર સહિત ત્રણ પોલીસ જવાનોને ઈજા થઈ હતી. પોલીસ વાહનને આગ ચાંપી દેવાનો બનાવ પણ બન્યો હતો. વધારાના પોલીસ અને અર્ધ લશ્કરી દળના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતીને જાળવી રાખવાના તમામ પ્રયાસ કર્યા હતા. પોલીસે કહ્યું છે કે તોફાની ટોળાને વિખેરવા ટીયરગેસના સેલ છોડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ધુમાડાના સેલ છોડવામાં આવ્યા હતા. હવામાં ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો.

સરકાર દ્વારા ૨૫૦થી વધારે વેબસાઇટો બ્લોક કરવાનો આદેશ

નવી દિલ્હી,તા. ૨૦

ઉત્તર પુર્વીય લોકોની હિજરતનો દોર ઘટ્યો હોવા છતાં આ દોર સંપુર્ણ પણે હજુ સુધી રોકાયો નથી ત્યારે ખામી ધરાવનાર પોર્ટલ સામે સરકારે લાલ આંખ કરી લીધી છે. સરકારે ૨૫૦થી વધુ વેબસાઈટો બ્લોક કરવાનો આદેશ જારી કરી દીધો છે. જે વેબસાઈટોમાં બનાવટી ઈમેજ અને વિડિયો મુકવામાં આવી છે. એ મુસ્લિમોને ઉશ્કેરવા તરફ દોરી જનાર કૃત્યો આચરવામાં આવ્યા છે તેવી વેબસાઈટો ઉપર તવાઈ આવી ગઈ છે. કર્ણાટક અને અન્ય કેટલાક રાજ્યોમાંથી મોટાપાયે ઉત્તર પુર્વીય રાજ્યો સાથે સંકળાયેલા લોકોની હિજરત જારી રહી છે. ગૃહ મંત્રાલયના અધિકારીઓએ કહ્યું છે કે હજુ સુધી ૧૩૦થી વધુ વેબસાઈટો બ્લોક કરી દેવામાં આવી છે. જ્યારે બાકીને ટુંકમાં જ બ્લોક કરી દેવામાં આવશે. વધુ કેટલાક શેહરોમાં આ ઝુંબેશ હાથ ધરવામાં આવી ચુકી છે. સરકાર આંતરરાષ્ટ્રીય ફોરમમાં કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ-ઈન્ડિયાના મામલાને ઉઠાવવાની તૈયારીમાં છે. તાજેતરના સમયમાં ભારત ઉપર સાઈબર વોર ફેરના અનેક દાખલા બની ચુક્યા છે. પાકિસ્તાન સ્થિત કટ્ટરપંથી સંગઠન દ્વારા બનાવટી ઈમેજો મુકવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. ફેસબુક, ટ્વીટર અને યુ-ટ્યુબ જેવી લોકપ્રીય સોશ્યલ નેટવર્કિંગ સાઈટ ઉપર આવા ઈમેજ મુકી દેવામાં આવ્યા છે. જેથી મુસ્લિમોને ઉશ્કેરવામાં આવી રહ્યા છે. ભારતભરમાં રહેતા ઉત્તર પુર્વીય પ્રદેશોના લોકોમાં વ્યાપક દહેશત ફેલાયેલી છે. ૧૩મી જુલાઈથી પોસ્ટ કરવામાં આવેલી મોટાભાગની ઓનલાઈન સામગ્રી અને બનાવટી પ્રોફાઈલો સામે ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આવી તમામ પ્રવૃત્તીના લીધે બેંગ્લોર, પુણે, ચૈન્નઈ અને મુંબઈ જેવા શહેરોમાંથી લોકોની મોટાપાયે હિજરત જારી રહી છે. તેમના પર સંભવિત હુમલા અંગે અટકળો અને દહેશત બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૨૫૦થી વધુ વેબસાઈટોને બ્લોક કરવામાં આ ઘટનાક્રમને મોટા પગલા તરીકે ગણાવામાં આવે છે. ૧૩૦ વેબસાઈટો બ્લોક કરી દેવામાં આવી છે. અન્યો સામે પ્રક્રિયા હાથ ધરવામાં આવી ચુકી છે. હિજરતનો સિલસિલો રોકાઈ ચુક્યો છે પરંતુ સરકાર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

લગ્નનું વચન કાંડાએ ન પાળતાં ગીતિકાએ આપઘાત કરી લીધો

નવી દિલ્હી,તા. ૨૦

ગીતિકા શર્મા આત્મહત્યાના મામલામાં એક ચોંકાવનારો ખુલાસો થયો છે. મળેલી માહિતી મુજબ લગ્નનું વચન ગોપાલકાંડાએ પાળ્યું ન હતું જેના કારણે ગીતિકા શર્માએ આત્મહત્યા કરી હતી. કાંડા લાંબા સમયથી પોતાની બે પુત્રીઓના લગ્ન પછી લગ્ન કરવાની વાત કરી રહ્યા હતા. આ ગાળા દરમિયાન ગીતિકાને ત્રણ વખત ગર્ભપાત કરાવવાની ફરજ પડી હતી. લગ્ન ન થવાના કારણે ગીતિકા હતાશ થઈ ગઈ હતી. ગોવામાં અંકિતા અને નૂપુર મહેતાના હાથે માર મારવાના મામલે એફઆઈઆર પરત લેવાનું દબાણ પણ ગીતિકા ઉપર હતું. અંકિતા પણ પોતાની પુત્રીના પિતા ગોપાલ કાંડા હોવાની વાત કરી રહી હતી જેથી ગીતિકા ખૂબ જ દબાણ હેઠળ હતી. ગોપાલ કાંડાની પૂછપરછનો દોર શરૂ થઈ ચૂક્યો છે. પૂછપરછમાં પ્રાથમિક વિગત સપાટી ઉપર આવી છે. પોલીસે કહ્યું છે કે ગોપાલ કાંડાએ એમડીએલઆર એરલાઈન્સમાં ગીતિકાની નોકરી લાગી ગયા બાદ શારીરિક સંબંધ સ્થાપિત કરી દીધા હતા. ૧૮ વર્ષીય ગીતિકાને કાંડાએ પોતાની સંપત્તિ અને પ્રતિષ્ઠાથી ચોંકાવી દીધી હતી.

કાંડાના સમગ્ર પરિવારને બંને વચ્ચેના સંબંધોની માહિતી હતી. સંબંધ ખૂબ જ મજબૂત હોવાથી ગીતિકા લગ્ન કરવાની વાત પણ કરતી હતી. કાંડાએ ક્યારેય પણ લગ્નનો ઈન્કાર કર્યો ન હતો પરંતુ પુત્રીના લગ્ન બાદ તે લગ્ન કરશે તેવી ખાતરી આપી રહ્યો હતો. ગોવામાં થયેલી ઘટનાઓથી તે ચોંકી ઊઠી હતી. એરલાઈન્સ બંધ થઈ ગયા બાદ પણ કાંડાએ ગીતિકાને વર્ષ ૨૦૦૯માં ગોવામાં નોકરી આપવાના બહાને રાખી હતી. પોતાને કાંડાની પત્ની બતાવનાર અંકિતા ગોવામાં જ એક ઈમારતમાં રહેતી હતી. અંકિતાએ દાવો કર્યો છે કે તેની પુત્રીના પિતા કાંડા જ છે. આત્મહત્યાની નોંધમાં ગીતિકાએ અંકિતાના નામનો પણ ઉલ્લેખ કર્યો હતો. ત્રણ વખત ગર્ભપાતના અહેવાલની વિગત પોલીસ પાસે પહોંચી ચૂકી છે. સમગ્ર મામલામાં પોલીસ હજુ પણ નવી નવી વિગત મેળવી રહી છે.

જમ્મુ સરહદ પર પાકિસ્તાનનો ફરી એકવાર ભીષણ ગોળીબાર

જમ્મુ,તા.૨૦

જમ્મુ જિલ્લાના અખનુર સેક્ટરમાં આતંકવાદીઓની ટોળકીને ઘૂસાડવાના હેતુસર ભારતીય ચોંકીઓ પર ગોળીબાર પાકિસ્તાની સૈનિકોએ કર્યા બાદ આંતરરાષ્ટ્રીય સરહદ પર જોરદાર ગોળીબાર થયો હોવાના અહેવાલ મળ્યા છે. આ ગોળીબારમાં એક ઘૂસણખોરનું મોત થયું છે. જમ્મુ સરહદ ઉપર બીએસએફ અને પાકિસ્તાની સૈનિકો વચ્ચે ભીષણ ગોળીબાર બાદ ફરી એકવાર તંગદિલી ફેલાઈ ગઈ છે. પાકિસ્તાને યુદ્ધ વિરામનો ભંગ કરવાનો સિલસિલો યથાવત્ રીતે જારી રાખ્યો છે. છેલ્લા એક પખવાડિયાની અંદર આંતરરાષ્ટ્રીય સરહદ (આઈબી) અને અંકુશ રેખા (એલઓસી) પર પાકિસ્તાની સેનાએ ચોથી વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. અધિકારીઓએ આજે સવારે માહિતી આપતા કહ્યું છે કે પાકિસ્તાની રેન્જરોએ મોડી રાત્રે ૧૦.૩૦ વાગે જમ્મુ જિલ્લાના અખનુર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર માલાબેલા, ગરખાલ, સિદરાકેમ્પ અને નાકાનંબર-૧૦ ઉપર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ આતંકવાદીઓને ભારતીય સરહદમાં ઘૂસાડવાના હેતુસર આ ગોળીબાર કર્યો હતો. આતંકવાદીઓ છેલ્લા ઘણા સમયથી ભારતીય સેના દ્વારા તમામ પગલાંના કારણે ઘૂસણખોરી કરવામાં નિષ્ફળ ગયા છે આવી સ્થિતિમાં પાકિસ્તાની સૈનિકોએ ત્રાસવાદીઓને ઘૂસાડવાના હેતુસર ગોળીબાર કર્યો હતો. અધિકારીઓએ કહ્યું છે કે બીએસએફના જવાનોએ આતંકવાદીઓની ઘૂસણખોરીની યોજના નિષ્ફળ બનાવી હતી. પાકિસ્તાની સૈનિકોના ગોળીબાર બાદ બીએસએફના જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી જેમાં એક ઘૂસણખોરનું મોત થયું હતું જ્યારે અન્ય ફરાર થઈ ગયા હતા. આજે સવારે ૭.૩૦ વાગ્યા સુધી ગોળીબારનો દોર ચાલ્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ રવિવારે રાત્રે પણ યુદ્ધ વિરામનો ભંગ કરી પુંચ સેક્ટરમાં અંકુશ રેખા પર ભારતીય સરહદ પર ગોળીબાર કર્યો હતો. આ મહિનામાં પાકિસ્તાને વારંવાર યુદ્ધ વિરામનો ભંગ કર્યો છે. ૧૭મી ઓગસ્ટના દિવસે પાકિસ્તાની સેનાએ આર એસ પુરા સબ સેક્ટરમાં કોરોટોના સરહદી ચોંકી પર ગોળીબાર કર્યો હતો જેમાં બીએસએફના એક જવાન ચંદરરાયનું મોત થયું હતું. ૧૫મી ઓગસ્ટના દિવસે પણ અંકુશ રેખા પર ક્રિષ્ણા ઘાટી સરહદી પટ્ટા પર અને સામ્બામાં ગોળીબાર કર્યો હતો.

રાજીવ ગાંધીના જન્મ દિવસે અંજલી અપાઈ

નવી દિલ્હી,તા. ૨૦

દેશના પૂર્વ દિવંગત વડાપ્રધાન રાજીવ ગાંધીના જન્મ દિવસે આજે દેશના લોકોએ તેમને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી. દિલ્હીમાં



વીર ભૂમિમાં આજે સવારે શ્રદ્ધાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જ્યાં રાષ્ટ્રપતિથી લઈને વડાપ્રધાન સુધીના તમામ લોકો પહોંચ્યા હતા પણ રાહુલ ગાંધી નજરે પડ્યાં ન હતા જેથી તમામ લોકોમાં આની ચર્ચા જોવા મળી હતી. રાજીવ ગાંધીના જન્મ દિવસે કોંગ્રેસ પ્રમુખ

વીર ભૂમિ પર રાહુલ ન દેખાતા આશ્ચર્ય

સોનિયા ગાંધી અને પરિવારના તમામ સભ્યો પહોંચ્યા હતા જેમાં પ્રિયંકા ગાંધીનો પણ સમાવેશ થાય છે. રાજીવ ગાંધીને યાદ કરવામાં આવ્યા હતા.

પ્રિયંકા અને સોનિયા ગાંધીએ પણ ભીની આંખે તેમને યાદ કર્યા હતા પણ રાહુલ ગાંધી દેખાયા ન હતા. રાહુલ ગાંધીનો સંપર્ક કરવામાં આવતા કોઈ માહિતી મળી ન હતી. રાહુલ ન દેખાતા કોંગ્રેસી લોકોને પણ આશ્ચર્ય થયું હતું. દરમિયાન દેશભરના લોકોએ પણ રાજીવ ગાંધીને યાદ કર્યા હતા.

ઇદની દેશભરમાં પરંપરાગત રીતે શાનદાર ઉજવણી કરાઈ

નવી દિલ્હી,તા. ૨૦

દેશભરમાં આજે ઇદની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી, ઉપરાષ્ટ્રપતિ હમીદ અન્સારી અને વડાપ્રધાન મનમોહનસિંહે લોકોને ઈદ ઉલ ફિતરની શુભેચ્છા આપી છે. આ તહેવાર ભાઈચારાના પ્રતિક સમાન હોવાની પણ વાત કરી છે. વડાપ્રધાને કહ્યું છે કે



આ તહેવાર તમામ લોકોને શાંતિપૂર્ણ અને સમૃદ્ધ સમાજનું નિર્માણ કરવા પ્રેરિત કરે છે.

જામા મસ્જિદની રોયાત-એ-હિલાલ કમીટિના અધ્યક્ષ સઈદ અહેમદ બુખારીએ ગઈકાલે કહ્યું હતું કે ચાંદ નજરે ન પડતાં ઈદની ઉજવણી સોમવારે કરવામાં આવશે. મળેલી એક બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. મુખરજીએ એક સંદેશમાં કહ્યું છે કે આ તહેવાર રમજાનના પવિત્ર તહેવાર દરમિયાન રાખવામાં આવતા રોઝાના સમાપ્ત થવાના પ્રતિક સમાન છે.દુઆ અને માફીના પ્રતિક સમાન આને ગણવામાં આવે છે. અન્સારીએ પોતાના સંદેશમાં કહ્યું છે કે ઈદ દેશભરમાં ભાઈચારાના પારંપારિક અભિવ્યક્તિ માટે તહેવાર છે. દિલ્હી અને દેશના અન્ય બજારોમાં આજે ભારે ભીડ જોવા મળી હતી. દેશભરમાં પરંપરાગત રીતે આની ઉજવણી કરવામાં આવી હતી.

આઇસીસી અંડર-૧૯ વર્લ્ડકપ ક્વાટર ફાઈનલ મેચમાં ભારતની પાકિસ્તાન ઉપર એક વિકેટે જીત

ટાઉનવિલ્લે,તા. ૨૦

આઈસીસી અંડર-૧૯ વર્લ્ડકપ ક્વાટર ફાઈનલ મેચમાં ભારતે પાકિસ્તાન ઉપર એક વિકેટે અતીરોમાંચક જીત મેળવીને સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. હરમીતસિંહ અને સંદિપ શર્માએ નંબર-૮ અને નંબર-૧૧ ઉપર ધીરજ પુર્વકની બેટીંગ કરીને પોતાની ટીમને જીત અપાવી હતી. આ દિલધડક મેચ અતી રોમાંચક સાબિત થઈ હતી. ભારતે એક વખતે પાંચ વિકેટે ૧૨૦ રન બનાવી સારી સ્થિતી મેળવી લીધી હતી. તે વખતે ભારતને વધુ ૧૭ રનની જરૂર હતી. પરંતુ થોડીક મિનિટોમાં જ ભારતે નવ વિકેટ ૧૨૭ રનમાં ગુમાવી દીધી હતી. જો કે હરમીતસિંહ અને શર્માએ ધીરજપુર્વકની બેટિંગ કરીને પાકિસ્તાનની જીતની આશા ઉપર પાણી ફેરવી દીધું હતું. ગુરૂવારે રમાનાંરી સેમીફાઇનલમાં સ્થાન મેળવવા ભારતને માત્ર ૧૩૭ રનની જરૂર હતી. છેલ્લા તબક્કામાં ભારતે ઝડપથી વિકેટો ગુમાવી હતી. વિજય ઝોલ સાથે બાબા અપરાજીતે ચોથી વિકેટની ભાગીદારીમાં ૬૮ રન ઉમેર્યા હતા. અપરાજીતે ૫૧ રન બનાવ્યા હતા. હરમીતસિંહે છેલ્લા તબક્કામાં ભારતને જીત અપાવી આ મેચને યાદગાર બનાવી દીધી હતી.

પાકિસ્તાન તરફથી જીયા ઉલ હકે ૨૩ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે અઝીઝ ઉલ્લાએ ૩૦ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. અગાઉ પાકિસ્તાને ૧૩૬ રન બનાવ્યા હતા. જેમાં આજમે સૌથી વધુ ૫૦ રન બનાવ્યા હતા. ભારત તરફથી સંદિપે ૨૪ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે રવિકાંતે ૪૩ રન આપી ત્રણ વિકેટ ઝડપી હતી. આખરે ભારતે એક વિકેટે આ મેચ જીતી લીધી હતી. મેચ દરમિયાન શાનદાર દેખાવ કરનાર અપરાજીતની મેન ઓફ ધ મેચ તરીકે પસંદગી કરવામાં આવી હતી. અપરાજીતે ૫૧ રન ફટકારવાની સાથે સાથે એક વિકેટ પણ ઝડપી હતી. આ ઉપરાંત ચાર કેચ પણ ઝડપ્યા હતા.

નોર્ધન ગ્રીડ ફેલિયોરની પરિસ્થિતી ટાળી દેવાઇ

લખનૌ,તા. ૨૦

ઉત્તરપ્રદેશ સરકારે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે રાજ્ય દ્વારા નોર્ધન ગ્રીડ ફેલિયોરની સ્થિતીને ટાળી દેવામાં આવી છે. કારણ કે ઈલેક્ટ્રીસીટી પુરવઠો ચોક્કસ જિલ્લાઓમાં કાપી દેવામાં આવ્યો હતો. મુખ્ય ઉર્જાસચીવ એકે ગુપ્તાએ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે કેટલાક જિલ્લાઓમાં વીજ પુરવઠાને કાપી દઈને ગ્રીડ ફેલિયોરની સ્થિતી ટાળી દેવામાં આમે સફળ રહ્યા છીએ. તેમણે એમપણ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ પાવર કોર્પોરેશન લીમીટેડે આજે સવારે ફેલિયોરની સ્થિતીને ટાળી દીધી છે. આશરે સવારે ૧૦.૦૦ વાગે આ બનાવ બન્યો હતો. એ વખતે ગ્રીડ ફિકવન્સી ઘટીને આશરે ૪૮.૮ થઈ ગઈ હતી. ફિકવન્સી સામાન્ય રીતે ૪૯.૭થી ૫૦.૨ સુધી રહે છે. ગુપ્તાના જણાવ્યા મુજબ આ બનાવ એવા સમયે બન્યો હતો જ્યારે ઉત્તરપ્રદેશ સરકાર ૫૮૮ મેગાવોટ વીજળી ઓવરડ્રોવિંગ કરી રહી હતી. સૌથી મોટા ગ્રીડ પૈકીના એક નવ પ્રદેશોને આવરી લે છે જેમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન, દિલ્હી, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર અને ચંદીગઢનો સમાવેશ થાય છે. ભારત પાંચ ઈલેક્ટ્રીસીટી ગ્રીડ ધરાવે છે. જેમાં નોર્ધન, ઈસ્ટર્ન, નોર્થ ઈસ્ટર્ન, સાઉથર્ન અને વેસ્ટર્નનો સમાવેશ થાય છે. સાઉથર્ન ગ્રીડ સીવાય તમામ ગ્રીડ આંતર જોડાણ ધરાવે છે.

મોંઘેરા મોતી

(પાના નં. ૪ નું ચાલુ)

વર્ષોથી 'ભોજક કલ્ચરલ ગ્રુપ' દ્વારા જયદેવભાઈનું સમગ્ર કુટુંબ સંગીત ક્ષેત્રે કાર્યરત છે. તેમના બે પુત્રો પૈકી હેમેન્દ્ર ગોધરાની હાઈસ્કૂલમાં, ગિરિરાજ ભાવનગરની મહિલા કૉલેજમાં અને લઘુબંધુ ડૉ. પ્રતાપદેવ જયદેવભાઈની સાથે સંગીત શિક્ષણ આપે છે.

આજે વર્તમાનપત્રોમાં અને સામયિકોમાં સંગીત એ સંગીતકારો વિશે ખૂબ જ ઓછું લખાય છે. તે તરફ ધ્યાન દેવું જરૂરી છે. ગુજરાતી કવિઓનો સાચો પરિચય તો તેમના કાવ્યોને સંગીતમાં મઢવામાં આવે તે છે. ગુજરાતની સંગીતશાળાઓમાં શિખવવામાં આવતું સંગીત હિન્દી ભાષામાં જ કેમ શિખવાય છે, ગુજરાતીમાં કેમ નહીં? શાળામાં કૉમ્પ્યુટર વિષય ભલે શિખવાય પણ સંગીત અને સંસ્કૃત વિષયની અગત્યતા જળવાઈ રહે તે ઈચ્છનીય છે. ગંગા કિનારે રહેતો હોય તેને ગંગાની કિંમત ન હોય, તે કેમ ચાલે? ભારતીય સંગીતનું મૂલ્ય સમગ્ર એશિયા, અમેરિકા અને યુરોપખંડમાં પ્રચલિત છે. ત્યારે આપણે કેમ ઉદાસીન થતા જઈ રહ્યાં છે. તે ચિંતાની બાબત છે.

૮૪ વર્ષે ભારતીય સંગીતને જીવાડવાની ધુણી ધખાવીને બેઠેલાં શ્રી જયદેવભાઈ ભોજક કહે છે કે, 'તપ ન કરીએ તો સંગીતનો ઉદય કયાંથી થાય?' સંગીતના તપસ્વીને વંદના છે, લાખો સલામ છે. તેમનો ફોન નંબર છે: (૦૨૬૫)૨૨૫૦૪૬૭.

મલ્ટીબ્રાન્ડ રિટેલમાં ૫૧ ટકા એફડીઆઈને ટૂંકમાં જ મંજૂરી

નવી દિલ્હી,તા. ૨૦

સરકારે મલ્ટીબ્રાન્ડ રિટેલમાં ૫૧ ટકા એફડીઆઈને મંજૂરી આપવા માટે તૈયારી કરી લીધી હોવાના અહેવાલ મળ્યા છે. સપ્ટેમ્બર મહિનામાં આ સંબંધમાં જાહેરનામું જારી કરવામાં આવી શકે છે. સંસદના સત્ર બાદ જાહેરનામું જારી કરી દેવામાં આવશે. ત્યારબાદ તેને અમલી બનાવવાની જવાબદારી રાજ્યો ઉપર છોડી દેવામાં આવશે. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં ૫૧ ટકા એફડીઆઈને મંજૂરી આપવાને લઈને ઘણા સમયથી હિલચાલ ચાલી રહી છે. લાંબાગાળાથી આ મામલો પેન્ડીંગ રહેલો છે પરંતુ હવે કેન્દ્રીય કેબિનેટ સપ્ટેમ્બરના બીજા સપ્તાહ સુધી આને મંજૂરી આપે તેવી શક્યતા છે. સંસદનું મોનસૂન સત્ર એક વખતે પૂર્ણ થઈ ગયા બાદ આ દિશામાં ઝડપથી આગળ વધવામાં આવશે. મલ્ટીબ્રાન્ડ રિટેલમાં એફડીઆઈને મંજૂરી આપવાના નિર્ણયને અમલી બનાવવાની જવાબદારી ત્યારબાદ રાજ્યોની રહેશે. એક અગ્રણી અંગ્રેજી અખબારે આ મુજબની માહિતી આપી છે. યુપીએના ઘણા સાથી પક્ષો સરકારની આ હિલચાલથી નાખુશ દેખાઈ રહ્યા છે. મનમોહનસિંહ આ નિર્ણયને અમલી બનાવવા માટે ઈચ્છુક છે. કેટલાક કઠોર પગલાં લેવાની તૈયારી પણ હાથ ધરવામાં આવી ચૂકી છે. અધિકારીઓએ નામ જાહેર નહીં કરવાની શરતે કહ્યું છે કે સમગ્ર પોલીસી તૈયાર થઈ ચૂકી છે. હવે માત્ર લીલીઝંડી આપવાની વાર છે. કેબીનેટ દ્વારા આને સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી છે. ચોક્કસ શરતો સાથે આને અમલી બનાવવામાં આવશે. જૂન મહિનામાં વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન આનંદ શર્માએ પત્રો લખીને રાજ્ય સરકારોને આ અંગે જાણ કરી હતી. સાથે સાથે આ હિલચાલ માટે તેમનો ટેકો પણ માગ્યો હતો. રાજસ્થાન, દિલ્હી, ઉત્તરાખંડ અને મણિપુર જેવા કાંગ્રેસ શાસિત રાજ્યોએ જ આને ટેકો આપ્યો છે. ભાજપ શાસિત હિમાચલ પ્રદેશે પણ મંજૂરી આપી દીધી છે. ગયા સપ્તાહમાં સરકાર-ઈન્ડસ્ટ્રી ટાસ્ક ફોર્સની ચોથી મિટીંગ યોજાઈ હતી.

કાંડા ઉપર બ્રેઇન મેપીંગ ટેસ્ટ કરવામાં આવી શકે

નવી દિલ્હી,તા. ૨૦

દિલ્હી પોલીસ હરિયાણાના ભુતપુર્વ પ્રધાન ગોપાલ કાંડા પર બ્રેઈન મેપીંગ ટેસ્ટ કરવાના વિકલ્પ ઉપર વિચારણા કરી રહી છે. ગીતિકા શર્મા આત્મહત્યા મામલાના મુખ્ય આરોપી કાંડા ચકાસણીમાં સહકાર કરી રહ્યા નથી. ૧૦ દિવસ સુધી ધરપકડને ટાળ્યા બાદ કાંડાએ શનિવારના દિવસે શરણાગતી સ્વિકારી લીધી હતી. કાંડાની હવે બંધ થઈ ચુકેલી એરલાઈન એમડીએલઆરની ભુતપુર્વ કર્મચારી ગીતિકાએ કાંડા અને અન્ય એક વરિષ્ઠ સાથ અરૂણા પર પોતાને ત્રાસ આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૨૩ વર્ષીય ગીતિકા પાંચમી ઓગસ્ટે ઉત્તર પશ્ચીમ દિલ્હી સ્થિત આવાસ ઉપર મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસ સુત્રોએ કહ્યું છે કે કાંડા પુછપરછ દરમિયાન યોગ્ય જવાબ આપી રહ્યા ન હતા. ગીતિકાના સંબંધમાં કોઈ પ્રશ્નનો જવાબ આપી રહ્યા નથી. પોલીસ બ્રેઈન મેપીંગની યોજના ધરાવે છે કે કેમ તે અંગે પુછવામાં આવતા પોલીસે કહ્યું હતું કે અમે જરૂરી પરિક્ષણ કરાવીશું. અમે કાંડાને તમામ જગ્યાએ લઈ જઈશું જ્યા ચકાસણીની જરૂર છે. કાંડાએ હજુ સુધી ગોળ ગોળ જવાબો આપ્યો છે. કાંડાની ગુડગાંવ ઓફિસથી કોમ્પ્યુટર અને દસ્તાવેજો જપ્ત કરી લેવામાં આવ્યા છે.